આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૧૩-૦૪-૨૦૨૪ સમય:-સાંજે ૬. ૨૫ કલાકે

---

## લોકસભા ચૂંટણી-રાજકીય પક્ષો-પ્રચાર

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે વિવિધ રાજકીય પક્ષો દ્વારા તેમના ઉમેદવારોને જીતાડવા માટે પુરજોશમાં પ્રચાર કાર્યમાં જોડાયા છે.

વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો દેશના વિવિધ ભાગોમાં અનેક રેલીઓ અને રોડ શો યોજીને ચૂંટણીના મેદાનમાં તેમના પ્રચારને વધુ તીવ્ર બનાવી રહ્યા છે.

**(RNU અમદાવાદ)**

----------------------------------------------------------------------

## લોકસભા ચૂંટણી-કચ્છ લોક સભા બેઠક

ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા પેટાચૂંટણી માટેનું જાહેરનામું બહાર પડાતા વિવિધ લોકસભાની બેઠકો માટે ઉમેદવારી ફોર્મની વહેંચણી શરૂ થઈ છે.

કચ્છ લોકસભા બેઠક માટે સાતમી મેના યોજાનારા મતદાન માટેના જાહેરનામાની પ્રસિદ્ધિ સાથે જ ચૂંટણીની વહીવટી પ્રક્રિયાના મંડાણ થયાં છે. ગઇકાલે પ્રથમ દિવસે કચ્છ બેઠક માટે એક પણ ઉમેદવારી ફોર્મ ભરાયું નથી.

જો કે, જિલ્લા ચૂંટણી શાખામાંથી જાણવા મળેલી વિગત અનુસાર 27 ફોર્મનો ઉપાડ થયો છે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા 19 એપ્રિલ સુધી ચાલશે.

**(અશરફ નથવાણી)**

----------------------------------------------------------------------

RNU BHUJ

## પ્રધાનમંત્રી-ગેમિંગ ઉદ્યોગ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગેમિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા છ ટોચના ખેલાડીઓ સાથે આ ઉદ્યોગમાં નવી પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરી છે.

શ્રી મોદીએ કહ્યું કે વર્તમાન સરકારે ખેલાડીઓની સર્જનાત્મકતાને ઓળખી છે. તેમણે સોશિયલ મીડિયા પર ખેલાડીઓ સાથેની  વાતચીતના વીડિયો પણ શેર કર્યા છે. શ્રી મોદીએ કહ્યું કે લોકોએ આ ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ અને ગેમિંગ ઉદ્યોગને ઔપચારિક બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે સરકાર દેશમાં ગેમિંગ અને ઈ-સ્પોર્ટ્સ ઉદ્યોગને ટેકો આપવા અને મદદ કરવા માટેના માર્ગો પર ધ્યાન આપશે. પ્રધાનમંત્રીએ ભારતીય પૌરાણિક કથાઓ અને જળવાયુ પરિવર્તન પર આધારિત રમતો શરૂ કરવાના સૂચન કર્યા હતા.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## મતદાન દિવસે-રજા-જાહેરનામુ

રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજ્યમાં રહેતા હોય તેવા મતદારો મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. સ્થાનિક સંસ્થાઓ, તમામ પ્રકારની બેંકો, રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ અને કચેરીઓને ચૂંટણીના સંબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ/શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવા જિલ્લા નોડલ અધિકારી માઇગ્રેટરી ઈલેકટર્સ અને મદદનીશ શ્રમ આયુકત-ગાંધીધામ-કચ્છ દ્વારા જણાવાયું છે.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------------

RNU BHUJ

## લાઉડ સ્પીકર-જાહેરનામું

આગામી લોકસભા સામાન્ય ચૂંટણીની આદર્શ આચાર સંહિતાના અમલમાં છે ત્યારે ચૂંટણીમાં લાઉડ સ્પીકરના ઉપયોગ બાબતે નિયંત્રણો જાહેર કરાયાં છે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમિત અરોરાએ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) અંતર્ગત સમગ્ર કચ્છ જિલ્લામાં જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા બાબતે કોઈપણ રાજકીય પક્ષો/ઉમેદવારો/રાજકીય કાર્યકરો/સમર્થકો એ નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં તેમ ફરમાવેલ છે. લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા પહેલા સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવાની રહેશે. રાત્રિના ૧૦.૦૦ વાગ્યાથી સવારના ૦૬.૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં તેમ પણ જાહેરનામામાં જણાવાયું છે. આ જાહેરનામાનો અમલ આગામી તા.૨૯/૦૪ સુધી કરવાનો રહેશે.

આ ઉપરાંત, સભા, સરઘસ વ્યવસ્થિત રીતે યોજાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમિત અરોરાએ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ (૩૭) ની પેટા કલમ (૩) મુજબ આગામી તા.૨૯ એપ્રિલ સુધી સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તારમાં કોઈ પણ મંડળી, સભા અને સરઘસ, પરવાનગી સિવાય ભરવા માટે મનાઈ ફરમાવેલ છે. તેમજ રાત્રિના ૧૦:૦૦ વાગ્યાથી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી મંડળી, સભા અને સરઘસની પરવાનગી નહીં આપવા ફરમાવ્યું છે.

આ હુકમ સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યક્તિઓ, સંસ્થાઓને તેમજ ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યક્તિઓને, લગ્ન પ્રસંગના વરઘોડાને અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં તેમ પણ જણાવાયું છે.

**(માહિતી ખાતુ)**

---

## હવામાન

વરસાદની આગાહી વચ્ચે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યાના સમાચાર મળ્યા છે.

પશ્ચિમ કચ્છમાં ભુજ તાલુકાના લોડાઈ, ખેંગારપર, મોખાણા, નાડાપા, સહિતના વિસ્તારોમાં ગાજવીજ અને પવનની સાથે વરસાદી ઝાપટા પડ્યા હોવાનું જાણવા મળે છે.

જ્યારે, પૂર્વ કચ્છમાં ભચાઉના આમરડીથી લઈને અંજાર તાલુકાનાં રતનાલ ભીમાસર સુધીના પટ્ટામાં વરસાદ ચાલુ હોવાના સમાચાર મળી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં આગામી બે દિવસ વરસાદની કરવામાં આવી છે.

**(અશરફ નથવાણી)**

---

## IPL –ક્રિકેટ

**IPL ક્રિકેટમાં આજે, પંજાબ કિંગ્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે. મેચ મોહાલીમાં સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.**

**(અશરફ નથવાણી)**

---

RNU BHUJ